ગુજરાત સમાચાર Ahmedabad 13-02-2025

# ગુજરાત રાજ્ય ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી (આદિજાતિ વિકાસ વિભાગ)

ત્રીજો માળ, બિરસા મુંડા ભવન, સેક્ટર-10 -A, ગાંધીનગર-૩૮૨૦૧૦,ફોન નં-૦૭૯ ૨૩૨૪૩૭૪૮/૪૯

## જાહેરાત

## એકલવ્ય મોડેલ રેસીડેન્શીયલ સ્કૂલ પ્રવેશ માહિતી ૨૦૨૫-૨૬

આદિજાતિ બાળકોને ઉચ્ચ ગુણવત્તાસભર શિક્ષણ સાથે આવાસ અને ભોજનની સુવિધા મળી રહે તેવા હેતુસર આદિજાતી વિસ્તારમાં એકલવ્ય મોડેલ રેસીડેન્શીયલ શાળઓ કાર્યરત છે. એકલવ્ય મોડેલ રેસીડેન્શીયલ સ્કૂલોમાં ધોરણ-૬ માં પ્રવેશ માટે દર વર્ષે જી.એસ.ટી.ઈ.એસ દ્વારા પ્રવેશ પરીક્ષાનું આયોજન કરી પ્રવેશ આપવામાં આવતો હતો પરંતુ, શૈક્ષણિક વર્ષ-૨૦૨૫-૨૬ થી ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી હસ્તકની એકલવ્ય મોડેલ રેશીડેન્સીયલ સ્કુલ(EMRS) અને સૈનિક શાળાની પ્રવેશ પ્રક્રિયા શિક્ષણ વિભાગ દ્વારા લેવામાં આવતી કોમન એન્ટ્રનસ ટેસ્ટ (CET) સાથે આયોજન કરવામાં આવેલ છે.જેના મારફત એકલવ્ય મોડેલ રેશીડેન્સીયલ સ્કુલ(EMRS) અને સૈનિક શાળામાં પ્રવેશ આપવામાં આવશે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬માં એકલવ્ય મોડેલ રેશીડેન્સીયલ સ્કુલ(EMRS) અને સૈનિક શાળામાં પ્રવેશ મેળવવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ કોમન એન્ટ્રનસ ટેસ્ટ (CET)ફરજીયાત આપવાની રહેશે. અને આ માટે કોઈ અલાયદી પ્રવેશ પરીક્ષા લેવામાં આવશે નહી. વધુમાં કોમન એન્ટ્રનસ ટેસ્ટ (CET) ૨૦૨૫ માટે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા તા.૦૬/૦૨/૨૦૨૫ ના રોજ જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવેલ છે જે ધ્યાને લેવાની રહેશે.

**પાત્રતાનું ધોરણ :** એકલવ્ય મોડેલ રેશીડેન્સીયલ સ્કુલ(EMRS) ની પ્રવેશ અંગેની વર્ષ-૨૦૨૫-૨૬ની માર્ગદર્શિકા

**પરીક્ષાની તારીખ:** ૨૨/૦૩/૨૦૨૫(શનિવાર)

**ફોર્મ ભરવાની તારીખ અને સમયગાળો** - તા.૦૭/૦૨/૨૦૨૫ થી તા.૧૯/૦૨/૨૦૨૫

**અરજી પત્ર ભરવાની લિંક:** **www.schoolattendancegujarat.in**

**પરીક્ષા ફી-** નિ:શુલ્ક

પરીક્ષા સંબંધિત વિગતો માટે રાજ્ય પરીક્ષા બોર્ડની વેબસાઈટ **www.sebexam.org** અને 1) https://eklavya-education.gujarat.gov.in જોતા રહેવાનુ રહેશે.

સ્થળ : ગાંધીનગર,

તારીખ ૧૨.૦૨ ૨૦૨૫

- sd -

કાર્યપાલક નિયામક,

જી. એસ.ટી..ઈ.એસ.

માહિતી/૨૧૩૨/૨૦૨૪-૨૫

ગુજરાત સમાચાર